# ભારતીય લશ્કરનો યુનિફોર્મ અને 'ટોપીકથા'-2 - ઈન્ડિયન નેવી

ભારતીય લશ્કરનો યુનિફોર્મ અને 'ટોપીકથા'ના આ બીજા ભાગમાં આ સંદર્ભે ઈન્ડિયન નેવીની વાત કરીએ. આ વખતે થયું એવું કે ઈન્ડિયન નેવીની ટોપીકથા ઉખેળી ત્યારે આ કથાનો એક છેડો પકડવાથી એક ચાવી થકી રસપ્રદ માહિતીનો આખો ભંડાર ખૂલી ગયો એવા હાલ થયા છે. વાત જાણે એમ છે કે ઈન્ડિયન નેવીના સંદર્ભે ટોપીકથા કરતાં કેટલીક એવી રસપ્રદ વિગતો મળી આવી કે ઈન્ડિયન નેવીની ટોપીકથામાં ઈન્ડિયન નેવીના રેન્ક મુજબના બેજિસની વાત કરવા સાથે ઈન્ડિયન નેવીના યુનિફોર્મનો વિગતવાર ઉલ્લેખ પણ અનિવાર્યપણે કરવો પડે એમ છે. જો કે આનાથી આ આખી ટોપીકથાનો કંઈક નવીન માહિતી સાથેનો આ હપ્તો વધુ રસપ્રદ બનશે એ ચોક્કસ છે. ઈન્ડિયન નેવીના યુનિફોર્મનો એક લાંબો છતાં જાણવા જેવો ઈતિહાસ પણ છે. એટલે આ વખતે ઈન્ડિયન નેવીના યુનિફોર્મની વાત મુખ્યત્વે બે હિસ્સામાં કરીએ. સૌ પ્રથમ ઈન્ડિયનન નેવીના વૈવિધ્યપૂર્ણ યુનિફોર્મની વાત કરીએ અને છેવટે ઈન્ડિયન નેવીના યુનિફોર્મના દીર્ઘકાલીન ઈતિહાસનો પણ ટૂંકો ઉલ્લેખ કરીએ.

ઈન્ડિયન નેવીના વૈવિધ્યપૂર્ણ યુનિફોર્મને સમજીએ ત્યારે સૌ પ્રથમ બાબત તો એ નોંધવા જેવી છે કે વૈવિધ્યની દષ્ટિએ ઈન્ડિયન નેવીના યુનિફોર્મ્સ કુલ 10 પ્રકારના છે, જે 5 હિસ્સામાં વહેંચાયેલા છે. વળી, આ વૈવિધ્યપૂર્ણ યુનિફોર્મ્સ મહદંશે ભારતીય નેવીના તાલીમાર્થીઓ- જેમને મિડશિપમેન- તરીકે ઓળખવામાં આવે છે તેમને જ લાગુ પડે છે. આ





સિવાય અન્ય બે અપવાદોને બાદ કરતાં ઈન્ડિયન નેવીમાં એકસમાન યુનિફોર્મ હોય છે. આ યુનિફોર્મ ભારતીય નૌકાદળની પ્રચલિત અને જાણીતી ઓળખ બની ચૂક્યો છે. ભારતીય નૌકાદળનો આ જાણીતો યુનિફોર્મ તે છે સફેદ રંગનો યુનિફોર્મ. આર્મીની જેમ જ અહીં પણ રેન્ક મુજબ અલગ પ્રકારના બેજિસથી જે-તે નેવી ઓફિસરના હોદ્દાની ઓળખ થઈ શકે છે.

નેવલ યુનિફોર્મની વિવિધતાની વાત કરતાં એ પણ નોંધી લઈએ કે આ તમામ વૈવિધ્યપૂર્ણ યુનિફોર્મમાં સફેદ પિક કેપ અથવા સફેદ પાઘડી(વ્હાઈટ ટર્બન) એક સમાન રહે છે. આટલી સ્પષ્ટતા સાથે નેવલ યુનિફોર્મનું જે વૈવિધ્ય છે તેની ક્રમબદ્ધ રીતે વાત કરીએ તો યુનિફોર્મ નંબર 1 અને યુનિફોર્મ નંબર 3 અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ રંગની પાઘડી ઉપરાંત સફેદ રંગનું આખી બાંયનું શર્ટ, કાળી ટાઈ, કાળું જેકેટ(કોટ), બાંય પરની સ્ટ્રિપ્સ, કોટની અંદરની બંને સાઈડ પર ટ્વીસ્ટેડ કોર્ડ્સ, આર્મ બેજિસ, ચેસ્ટ બેજિસ, નેમ ટેલી તેમ જ આ બંને યુનિફોર્મ પર જે મેડલ્સ અને રિબન્સ પહેરવાનાં હોય છે. આ ઉપરાંત બ્લેક ટ્રાઉઝર્સ, બ્લેક સોક્સ અને બ્લેક લેધર શૂઝ પહેરવાનાં હોય છે. આ બંને યુનિફોર્મની આખી સ્ટાઈલની વાત કરીએ તો કમાન્ડર તેમ જ તેનાથી ઉપરની બધી જ રેન્કના નૌકા અધિકારીઓએ ખાસ કરીને યુનિફોર્મ નંબર-1 સાથે સ્વોર્ડ(તલવાર) લેવી ફરજિયાત હોય છે.

યુનિફોર્મ નંબર-2 અને યુનિફોર્મ નંબર-4 અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી અને શોલ્ડર સ્ટ્રેપ્સ, આર્મ બેજિસ, ગિલ્ટ બટન્સ, મેડલ્સ, રિબન્સ, નેમ ટેલી અને ચેસ્ટ બેજિસ સાથેનો સફેદ કોટ, સફેદ ટ્રાઉઝર, સફેદ સોક્સ અને સફેજ શૂઝ પહેરવાના હોય છે. આ બંને યુનિફોર્મની આખી સ્ટાઈલની વાત કરીએ તો કમાન્ડર તેમ જ તેનાથી ઉપરની બધી જ રેન્કના નૌકા અધિકારીઓએ ખાસ કરીને યુનિફોર્મ નંબર-2 સાથે સ્વોર્ડ(તલવાર) લેવી ફરજિયાત હોય છે.

યુનિફોર્મ નંબર-4 અને યુનિફોર્મ નંબર-4A અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી અને વ્હાઈટ બુશ જેકેટ, શોલ્ડર સ્ટ્રેપ્સ, રિબન્સ, નેમ ટેલી, ચેસ્ટ બેજિસ તેમજ સફેદ ટ્રાઉઝર્સ તેમજ સફેદ બૂટ-મોજાં પહેરવાના હોય છે. ઉલ્લેખનીય છે કે યુનિફોર્મ નંબર 4-A ઈન્ડિયન નેવીના કેપ્ટન તેમ જ એ રેન્કથી ઉપરના નૌકા અધિકારીઓએ પહેરવાનો હોય છે.

એ સિવાયના અન્ય નૌકા અધિકારીઓ તેમ જ સેલર્સ(નાવિકો)એ પહેરવાના યુનિફોર્મ નંબર-5 અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી ઉપરાંત સફેદ રંગનું આખી બાંયનું શર્ટ, કાળી બો ટાઈ, કાળું મેસ જેકેટ(કોટ), બાંય પરની સ્ટ્રિપ્સ, કોટની અંદરની બંને સાઈડ પર ટ્વીસ્ટેડ કોર્ડ્સ, આર્મ બેજિસ, સાઈઝ-2નું ગિલ્ટ બટન, મિનિએચર મેડલ્સ, નેમ ટેલી, ચેસ્ટ બેજિસ અને કાળો કમરબંધ તેમ જ કાળું બીલો રિબન્સ, રેન્કદર્શક આર્મ બેજિસ, નેમ ટેલી તેમજ વ્હાઈટ શોર્ટસ, સ્ટોકિંગ્સ અને સફેદ બૂટ પહેરવાનાં હોય છે. આ યુનિફોર્મની ખાસ સ્ટાઈલની વાત કરીએ તો સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડીના બદલે બેરેટ સ્ટાઈલની કાળી પાઘડી પણ પહેરી શકાય છે. અહીં મહિલા ઓફિસર્સે વ્હાઈટ શોર્ટ્સના સ્થાને વ્હાઈટ સ્કર્ટ પહેરવાનું હોય છે. લીડિંગસીમેન અને તેની નીચેની રેન્કના અધિકારીઓએ કાળા સ્ટોકિંગ્સ અને કાળા બૂટ પહેરવાના હોય છે. એ ઉપરાંત આ સિવાયના નૌસૈનિકોને જ્યારે ઓર્ડર હોય ત્યારે જ તેઓ કાળા બૂટ પહેરી શકે છે. એ ઉપરાંત પણ જ્યારે પરમિશન હોય ત્યારે મધદરિયે જિમ શૂઝ પહેરી શકાય છે. નેવલ ઓફિસર્સ અને સેલર્સે પહેરવાના યુનિફોર્મ નંબર-8a અંતર્ગત પણ સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી ઉપરાંત અડધી બાંયનો સફેદ શર્ટ, શોલ્ડર સ્ટ્રેપ્સ, બીલો રિબન્સ, રેન્કદર્શક આર્મ બેજિસ, ચેસ્ટ બેજિસ, નેમ ટેલી તેમજ વ્હાઈટ ટ્રાઉઝર્સ, બકલવાળો વ્હાઈટ બેલ્ટ અને સફેદ બૂટ પહેરવાનાં હોય છે. આ

**ઇન્ડિયન નેવીના વૈવિધ્યપૂર્ણ યુનિફોર્મને સમજીએ ત્યારે સૌ પ્રથમ બાબત તો એ નોંધવા જેવી છે કે વૈવિધ્યની દૃષ્ટિએ ઇન્ડિયન નેવીના યુનિફોર્મ્સ કુલ 10 પ્રકારના છે, જે 5 હિસ્સામાં વહેંચાયેલા છે. વળી, આ વૈવિધ્યપૂર્ણ યુનિફોર્મ્સ મહદંશે ભારતીય નેવીના તાલીમાર્થીઓ- જેમને મિડશિપમેન- તરીકે ઓળખવામાં આવે છે તેમને જ લાગુ પડે છે. આ સિવાય અન્ય બે અપવાદોને બાદ કરતાં ઇન્ડિયન નેવીમાં એકસમાન યુનિફોર્મ હોય છે**

ટ્રાઉઝર અને એ જ રંગનાં બૂટ-મોજાં પહેરવાનાં હોય છે. આ યુનિફોર્મની સ્ટાઈલ અંગેની ખાસ વાત કરીએ તો મહિલા ઓફિસર્સ મેડિકલ ગ્રાઉન્ડ્સ પર કાળા મેસ જેકેટ તેમ જ કમરબંધના બદલે કાળી સાડી, કાળી શાલ અને કાળો સ્કાર્ફ પહેરી શકે છે.

નેવલ ઓફિસર્સ અને સેલર્સે પહેરવાના યુનિફોર્મ નંબર-6 અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી ઉપરાંત સફેદ રંગનું આખી બાંયનું શર્ટ, કાળી બો ટાઈ, સફેદ મેસ જેકેટ(કોટ), બાંય પરની સ્ટ્રિપ્સ,

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

કોટની અંદરની બંને સાઈડ પર ટ્વીસ્ટેડ કોર્ડ્સ, આર્મ બેજિસ, સાઈઝ-2નું ગિલ્ટ બટન, મિનિએચર મેડલ્સ, નેમ ટેલી, ચેસ્ટ બેજિસ અને કાળો કમરબંધ તેમ જ કાળું સમર ટ્રાઉઝર અને એ જ રંગના બૂટ- મોજાં પહેરવાનાં હોય છે. આ યુનિફોર્મની ખાસ સ્ટાઈલની વાત કરીએ તો આ યુનિફોર્મ સંદર્ભે મહિલા ઓફિસર્સ માટે પણ યુનિફોર્મ નંબર-5 મુજબની જ જોગવાઈઓ લાગુ પડે છે. નેવલ ઓફિસર્સ અને સેલર્સે પહેરવાના યુનિફોર્મ નંબર-6b અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી ઉપરાંત અડધી બાંયનો સફેદ શર્ટ, શોલ્ડર સ્ટ્રેપ્સ, રિબન્સ, નેમ ટેલી, ચેસ્ટ બેજિસ સાથે કાળાં ટ્રાઉઝર અને એ જ રંગના બૂટ-મોજાં પહેરવાનાં હોય છે. નેવલ ઓફિસર્સ અને સેલર્સે પહેરવાના યુનિફોર્મ નંબર-8 અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી ઉપરાંત અડધી બાંયનો સફેદ શર્ટ, શોલ્ડર સ્ટ્રેપ્સ,



યુનિફોર્મની ખાસ સ્ટાઈલ સંદર્ભે યુનિફોર્મ નંબર 8 જેવી જ જોગવાઈ લાગુ પડે છે. નેવલ ઓફિસર્સ અને સેલર્સે પહેરવાના યુનિફોર્મ નંબર-9 અને યુનિફોર્મ નંબર 10 અંતર્ગત સફેદ રંગની પીક કેપ અથવા સફેદ પાઘડી ઉપરાંત ઓફિસર્સ માટે આખો સફેદ અને સેલર્સ માટે આખો બ્લૂ શર્ટ હોય છે. એ સાથે રેન્ક દર્શક તેમ જ બ્લડ ગ્રુપદર્શક બેજિસ, નેમ બેજિસ અને કાળાં મોજાં અને લપસણાં ન હોય તેવા કાળા બૂટ પહેરવાના હોય છે. છેલ્લે એ પણ નોંધીએ કે આપણા નૌકાદળનો ઈતિહાસ આમ તો આખો અલગ વિષય છે છતાં તેની સૌથી નોંધનીય બાબત એ છે કે આ ઈતિહાસનાં મૂળિયાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નૌસેના સુધી જાય છે.




# અક્ષયકુમારે આખરે 'સ્કાય ફોર્સ' થી સફળતાની ઉડાન ભરી લીધી!

અક્ષયકુમાર પર હિટ ફિલ્મ આપવાનું દબાણ હતું. એ 'સ્કાય ફોર્સ' પછી ઓછું થયું છે. લાંબા સમયથી અક્ષયકુમારની ફિલ્મો નિષ્ફળ જઈ રહી હતી. 'સ્કાય ફોર્સ' ને પહેલા દિવસે રૂ.15 કરોડનું ઓપનિંગ મળ્યું હતું. વીકએન્ડમાં રૂ.73 કરોડ મેળવીને ભલે કોઈ રેકોર્ડ તોડી શકી નથી પરંતુ સન્માનજનક આવક કરી શકી છે. ફિલ્મને આટલો સારો આવકાર મળશે એવી કોઈને કલ્પના ન હતી. 'સ્ત્રી 2' પછીની 'મેડોક ફિલ્મ્સ' ની આ ફિલ્મ હોવા છતાં ખાસ હાઈપ ન હતી. 26 જાન્યુઆરી પ્રસંગે દેશભક્તિની આ ફિલ્મને સમીક્ષકોએ પસંદ કર્યા બાદ દર્શકોને રસ જાગ્યો હતો અને વર્ડ ઓફ માઉથથી આગળ વધી રહી છે. અક્ષયકુમારે ઘણાં વર્ષ પછી સફળ પુનરાગમન કર્યું છે. કોઈ ફાલતુ વાત કરવાને બદલે પહેલા જ દ્રશ્યથી મુદ્દા પર આવતી માત્ર બે કલાકની ફિલ્મનો પહેલો ભાગ એટલો ઝડપથી આગળ વધે છે અને બાંધી રાખે છે કે ઈન્ટરવલ આવી ગયો એનું ધ્યાન રહેતું નથી. બીજા ભાગમાં ફિલ્મ સસ્પેન્સ થ્રીલર હોવાનું લાગે છે. અગાઉ એરફોર્સ પર ફિલ્મો આવી છે પણ 'સ્કાય ફોર્સ'માં ઈમોશન છે એવા કોઈમાં અનુભવવા મળ્યા નથી. ફિલ્મનું અંતિમ દ્રશ્ય કોઈની પણ આંખ ભીની કરી દે એવું છે. એમાં અક્ષયકુમારે પાત્રના દિલની લાગણીઓને ચહેરા પર એવી રીતે વ્યક્ત કરી છે કે એનો જવાબ નથી. અક્ષયકુમાર જ્યારે પણ કોઈ યુનિફોર્મમાં દેખાય છે ત્યારે એમ થયું છે કે તે આ યુનિફોર્મ માટે જ બન્યો છે. અગાઉની દેશભક્તિની ફિલ્મોમાં અક્ષયકુમાર જામ્યો જ હતો. આ વખતે અક્ષયકુમાર લાઉડ એક્ટિંગથી બચીને રહ્યો છે. દેશભક્તિના સંવાદ સનીની જેમ વધારે મોટેથી બોલ્યો નથી. અક્ષયકુમાર અત્યારે અમિતાભ બચ્ચનના રસ્તે હોય એમ લાગે છે. અમિતાભે એકથી વધુ હીરોવાળી ફિલ્મો કરીને પણ એ ફિલ્મ પોતાની હોવાનું સાબિત કર્યું હતું. અમિતાભ સાથે વિનોદ, શશી, શત્રુઘ્ન, ધર્મેન્દ્ર જેવો કોઈ બીજો મોટો સ્ટાર રહેતો હતો અને એ ફિલ્મ હિટ જ રહેતી હતી. અક્ષયકુમારનું પણ એવું જ છે. તેની સાથે એકથી વધુ હીરો હોવા છતાં એ વધારે છવાઈ જાય છે. વીર સાથે અક્ષયકુમારની મિત્રતા સાથેની ટ્યુનિંગ સારી છે. વીર પહાડિયા પહેલી ફિલ્મ મુજબ સારું કામ કરી ગયો છે. એ થોડી વધુ મહેનત કરીને આજની પેઢીના બીજા હીરોને સ્પર્ધા પૂરી પાડી શકે છે. તેણે અભિનેતા તરીકે નહીં સ્ટાર તરીકે શરૂઆત કરી છે. વીરની પત્ની તરીકે સારા અલી ખાન નાની ભૂમિકામાં પ્રભાવિત કરે છે. અક્ષયકુમારની પત્ની તરીકે નિમરત કોરનું કામ સારું જ છે પણ ભૂમિકા મહત્ત્વની ન હતી. શરદ કેલકર પાકિસ્તાની તરીકે નાની ભૂમિકામાં છાપ છોડી જાય છે. જેમના દિલમાં દેશભક્તિની ભાવના છે એ ભારતીય એરફોર્સના પાઈલટ્સની સત્યઘટનાઓ પર આધારિત આ ફિલ્મ માટે ગૌરવ અનુભવશે. દેશભક્તિની આ ફિલ્મમાં નકારાત્મક બાબતો શોધવા જેવી નથી. અગાઉ કેટલાક એમ કહેતા હતા કે રિતિકની 'ફાઈટર'ની નકલ જેવી લાગે છે પણ એમણે સ્વીકાર્યું છે કે એ ખોટા હતા. વાર્તા બાબતે 'ફાઈટર' પાછળ રહી જાય એમ છે. ફિલ્મમાં પહેલી વખત ભારત-પાકના મુદ્દાને અલગ એંગલથી રજૂ કરવામાં આવ્યો છે. ફિલ્મની શરૂઆતમાં જ બતાવી દેવામાં આવ્યું છે કે એમાં પાકિસ્તાનને વિલન તરીકે બતાવવામાં આવ્યું નથી. આ ફિલ્મ ભારત-પાકની દુશ્મની સુધી સીમિત નથી એમાં માનવતા પણ બતાવવામાં આવી છે. 'સ્કાય ફોર્સ' ની બધી જ બાબતની ગુણવત્તા એટલા માટે પણ વધુ છે કે 'મેડોક ફિલ્મ્સ' દ્વારા 'સ્ત્રી 2' કરતાં વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. ચાર લેખકો અને બે નિર્દેશકો સંદીપ કેવલાની અને અભિષેક અનિલ કપૂર છે. 'સ્ત્રી 2' ના નિર્દેશક અમર કૌશિક 'સ્કાય ફોર્સ' ના નિર્માતા છે અને એમના સહાયક અભિષેકને નિર્દેશનમાં તક આપી છે. હોલિવૂડના સ્તરનું એક્શન જ નહીં તનિષ્ક બાગચીનું સંગીત પણ ફિલ્મનું જમા પાસું છે. 'માઈ' અને 'ક્યા મેરી યાદ આતી હૈ' ગીતો દર્શકોને ભાવનાત્મક રીતે જોડે છે. 'દૂસરા ગાલ નેતા દીખાતે હૈ, ફૌજી નહીં' જેવા દમદાર સંવાદ સાથે ફિલ્મ દેશભક્તિનું જ નહીં બલિદાનનું પણ જીવતુંજાગતું ઉદાહરણ બની રહે છે. ફિલ્મ એ વાત બતાવે છે કે આઝાદી સરળતાથી મળી ન હતી. 60 વર્ષ પહેલાંનો સમય જીવંત કરવામાં આવ્યો છે. અત્યાર સુધીની યુદ્ધ ફિલ્મોની પૃષ્ઠભૂમિ મોટાભાગે ભારત-પાકનું 1971 નું યુદ્ધ રહ્યું છે. પહેલી વખત 1965 ના ભારત-પાક વચ્ચેના યુદ્ધની સાચી વાર્તા બતાવવામાં આવી છે. ફિલ્મ સંપૂર્ણ રીતે યુદ્ધ પર આધારિત નથી એ બાબત વધુ સારું કામ કરી જાય છે. એનો સ્ક્રીનપ્લે એટલો મજબૂત છે કે ક્યાંય કોઈ દ્રશ્યમાં કંટાળો આવતો નથી. લેખકોનો એ કમાલ છે કે પહેલા દ્રશ્યથી છેલ્લા દ્રશ્ય સુધી વાર્તા સાથે દર્શક જોડાઈ રહે છે. VFX એટલું અસલ છે કે એરિયલ એક્શન વખતે આંખ પડદા પરથી ખસતી નથી. કેટલાંક દ્રશ્ય હજુ લાંબાં રાખવામાં આવ્યાં હોત તો પણ વાંધો આવ્યો ના હોત. કેટલાક પાઈલટસની વાતો હજુ વધુ હોત તો એ દ્રશ્યો પણ મજેદાર બન્યાં હોત.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

**'દૂસરા ગાલ નેતા દીખાતે હૈ, ફૌજી નહીં' જેવા દમદાર સંવાદ સાથે ફિલ્મ દેશભક્તિનું જ નહીં બલિદાનનું પણ જીવતુંજાગતું ઉદાહરણ બની રહે છે. ફિલ્મ એ વાત બતાવે છે કે આઝાદી સરળતાથી મળી ન હતી. 60 વર્ષ પહેલાંનો સમય જીવંત કરવામાં આવ્યો છે. અત્યાર સુધીની યુદ્ધ ફિલ્મોની પૃષ્ઠભૂમિ મોટાભાગે ભારત-પાકનું 1971 નું યુદ્ધ રહ્યું છે. પહેલી વખત 1965 ના ભારત-પાક વચ્ચેના યુદ્ધની સાચી વાર્તા બતાવવામાં આવી છે**

### ઓટોગ્રાફ !

રામગોપાલ વર્માએ પોતાની કારકિર્દીની સૌથી મોટી ફિલ્મ 'સિન્ડિકેટ' બનાવવાની જાહેરાત કરી છે. (વર્માજી, મોટી ફિલ્મો બનાવવામાં નાની વાત ધ્યાન બહાર રહી જતી લાગે છે. એટલે જ રૂ. 2.38 લાખના ચેક બાઉન્સના એક જૂના કેસમાં 3 મહિનાની જેલની સજા થઈ છે?)

# આધ્યાત્મિક નહીં આ અધોગતિનું રાષ્ટ્ર

આપણે ત્યાં વિડિયોનું આગમન થોડું મોડું થયું. વિદેશોમાં તો વર્ષોથી ટીવી-વિડિયો, હોમ થિયેટર, પ્રોજેક્ટરો, વગેરે વપરાય છે. ત્યાં કદી હોલીવુડની પ્રગતિ રૂંધાઈ નથી. તેમની કલાનું (અને ખાસ તો ટૅક્નોલોજીનું) ધોરણ ઊંચું છે. આપણે ત્યાં પ્રતિ વર્ષ સાતસોથી આઠસો ફિલ્મો બને છે. એમાંની કેટલીક ફિલ્મો તો ટૉકિઝોમાં પૂરા ત્રણ દિવસ પણ ચાલતી નથી. નામ યાદ આવતું નથી પણ અશોક કુમારની એક જૂની ફિલ્મ (કદાચ 'કિસ્મત') કોલકત્તામાં લગાતાર બે વર્ષ સુધી ચાલી હતી. (લોકો ટિકિટ મેળવવા માટે રાત્રે ટિકિટબારી આગળ સૂઈ રહેતા. જી.પી. સિપ્પીની ફિલ્મ

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

'શોલે' મુંબઈમાં ચાર વર્ષ સુધી ચાલી હતી. હમણાં એક બહુ જૂના સમાચાર મળ્યા કે 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' નામની એક ફિલ્મ મુંબઈના મરાઠા મંદિરમાં પંદર વર્ષથી ચાલતી હોવાનો રેકોર્ડ થયો હતો. (જોકે ફિલ્મ વાળા ક્યારેક ટૉકીઝ સાથે કોન્ટ્રાક્ટ કરીને ચાલાકી પૂર્વક એ લક્ષ્યાંક સિદ્ધ કરતા હોય છે.) અસલની ફિલ્મો ટૅક્નિક વગેરેની દષ્ટિએ થોડી નબળી હતી; પણ તેમાં ઊંડાણ હતું, વાસ્તવિક્તા હતી; સંવાદે સંવાદે જીવન ધબક્તું હતું. તેમાં કલાત્મક દષ્ટિકોણ હતો. મારધાડ, હિંસા, છીછરા ડાયલૉગ્સ, કે અંગપ્રદર્શન વગેરેના પ્રલોભનો ન હતાં. આજે બહુધા ફિલ્મોમાં સેક્સ, હિંસા, બંદૂકની ધનાધની, લોહીના ખાબોચિયાં અને દ્વિઅર્થી શબ્દોવાળા છીછરા ગીતોની બોલબાલા હોય છે. તેમાંય ખેતરોમાં ઘોડા દોડાવતી પાઘડી અને ફેંટાવાળી ગુજરાતી ફિલ્મો તો એટલી નિમ્ન કક્ષાની હોય છે કે તે આપણી ગાળ ખાવાની હેસિયત પણ ધરાવતી નથી. લાખો લોકોની અંધશ્રદ્ધાથી કુંભમેળાનું નિર્માણ થાય છે, તે રીતે લાખો લોકોના નબળા ટેસ્ટ પર એકાદ કન્ડમ ફિલ્મ નભી જાય છે. બીજી તરફ ઉત્કૃષ્ઠ ફિલ્મને જીવાડવા ઊંચા ટેસ્ટ વાળા પ્રેક્ષકો મળતા નથી.



આપણી મૂળ વાત બીજી છે. ફિલ્મોની જેમ દરેક ક્ષેત્રોમાં પ્રગતિ અને સફળતાનો આધાર લોકોના ચારિત્ર્ય પર રહેતો હોય છે. રાજા પ્રમાણિક હોય તો દેશ પ્રગતિ કરે છે. આપણી પાયાની કમનસીબી એ છે કે અહીં રાજા અને પ્રજા બન્ને અપ્રામાણિક છે. વિદેશોમાં ઘણાં સ્થળો પર છાપા વેચવા માટે ફેરિયો ઊભો રહેતો નથી. તે ખુલ્લામાં છાપાઓનો ઢગલો કરીને ચાલ્યો જાય છે. દરેક ગ્રાહક તેમાંથી છાપુ લઈને પૈસા ત્યાં મૂકી દે છે. થોડાક જ કલાકોમાં છાપાનો ઢગલો ખતમ થઈ જાય છે. અને મની-બૉક્સમાં પૈસાનો ઢગલો થઈ જાય છે. એક પણ દિવસ એવું બનતું નથી કે એકાદ બે છાપાના પૈસા ઓછા નીકળ્યા હોય. આપણે ત્યાં આવી ઈમાનદારીનો દુષ્કાળ હોવાથી થાય છે એવું કે રેલ્વે કે બસ સ્ટેશનોના જાહેર વૉટરકુલરો પર પાણીના પ્યાલા સાંકળો વડે બાંધી રાખવામાં આવે છે. લોખંડની સાંકળને કારણે લોકોની ચૌર્યવૃત્તિ લાચાર બની જાય છે.

એ સંદર્ભે એક મજેદાર કિસ્સો સાંભળો. એક બેંક કેશિયરને ગ્રાહકે પૂછ્યું: 'તમે કાઉન્ટર પર ગ્રાહકો માટે પેન કેમ બાંધતા નથી?' કેશિયરે કહ્યું: 'પહેલા ગ્રાહકોને અમે અમારી પેન આપતા. પરંતુ ગ્રાહકો તે અમને પાછી આપવાનુ ભૂલી જતા. એથી અમે ગ્રાહકો માટે બૉલપેન બાંધવાનું ચાલુ કર્યું પણ લોકો તે ચોરી જાય છે. સાતેક પેન એ રીતે લોકો છોડી ગયા. પછી અમે પ્રયોગરૂપે માત્ર રીફિલ બાંધી જોઈ. પણ તેય લોકો છોડી જવા લાગ્યા. (તમે આ લટકતો દોરો જુઓ છોને.. એ ઉપયોગમાં આવતો હોત તો એ પણ લોકો છોડી ગયા હોત) ગ્રાહકે પુછ્યું: 'તો હવે શું કરવું જોઈએ?'

કેશિયરે જવાબ આપ્યો: 'બીજું ભલે કાંઈ ન થઈ શકે, પણ એટલું જરૂર કરી શકાય કે: 'આ દેશને 'મેરા ભારત મહાન' કહેવાનું વહેલી તકે બંધ કરવું જોઈએ. વિશ્વના કોઈ દેશમાં ન થતી હોય એટલી પ્રભુભક્તિ આ દેશમાં થાય છે. છતાં ઈમાનદારીનો ગ્રાફ ચિંતાજનક રીતે ઓછો થતો જાય છે. આપણાં આ ધાર્મિક દેશમાં મોરારિબાપુની કથામાં કોઈના ઝાંઝર ખોવાયા હોય, ત્યારે પણ લોકો લાલચુ મનોવૃત્તિથી વાજ નથી આવતા. (સાપના મોઢામાં ફસાયેલો દેડકો તેના મોં નજીક ઉડતું મચ્છર ઝડપી લેવાનું ચૂકતો નથી તેમ લોકો ધર્મકથા સાંભળતી વેળા પણ આવી બદમાશી આચરવાનું ચૂકતા નથી) આ ધાર્મિક દેશમાં આવી મેંડકવૃત્તિનો પાર નથી. બેઈમાની અને પ્રભુભક્તિનું આવું અકળાવનારું ગઠબંધન કોઈને ગમતું નથી છતાં સૌએ ન છૂટકે એ કડવો ઘૂંટડો ગળવો પડે છે.

**આ દેશને 'મેરા ભારત મહાન' કહેવાનું વહેલી તકે બંધ કરવું જોઈએ. વિશ્વના કોઈ દેશમાં ન થતી હોય એટલી પ્રભુભક્તિ આ દેશમાં થાય છે છતાં ઈમાનદારીનો ગ્રાફ ચિંતાજનક રીતે ઓછો થતો જાય છે**

### ધૂપછાંવ

*આદરણીય શંકરાચાર્યજીએ એક પ્રસ્તાવ મૂક્યો હતો: 'આ દેશને ધાર્મિક દેશ જાહેર કરવો જોઈએ. શંકરાચાર્યજી, જરા વિચારજો જે દેશમાં દિનપ્રતિદિન લોકોનું ચારિત્ર્ય કથળતું જાય છે. પાલમિન્ટમાં પણ એકસોથી અધિક ગુંડા પ્રકારના પ્રતિનિધિઓ પ્રવેશ્યા છે, તે દેશને આધ્યાત્મિક દેશ જાહેર કરવામાં આવે તો બેશક આખું વિશ્વ એ દંભ પર હસ્યા વિના નહીં રહે. આપણે તો જગતભરમાં બદનામ થયેલી પ્રજા છીએ. જે દેશમાં કુંભમેળામાં શાહી સ્નાન કરવા માટે નગ્ન સાધુઓ વડે તલવારો ખેંચાતી હોય, જે દેશની માતાઓ અને દીકરીઓ રાત્રે એકલી બહાર નીકળી ન શકતી હોય, જ્યાં રોજ હજારો સ્ત્રીઓને વેશ્યાવાડે મોકલવામાં આવતી હોય અને આજે પણ દેવદાસીની પ્રથા વડે મંદિરના સાધુસંતો સેક્સનો ભરપૂર ભોગવટો કરે છે. સ્થિતિ આવી હોય તો એ દેશને આધ્યાત્મિક નહીં અધોગતિનું રાષ્ટ્ર જાહેર કરવાનો સમય ક્યારનો પાકી ગયો છે.*